સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

કાઢવાના છે હવે દિવસો કોઈ જ હેતુ વિના -
મૂંઝવે મનને, કરવી કોને વાતો ભેતુ વિના -
સેતુ વિના તરવો સમુદ્ર કોઈ તરણા વિના -
મળે ન મોક્ષ, માગવા છતાં, બારમે કેતૂ વિના...
(અસહાય પરિસ્થિતિ)

હાઈકુ

વિકાસ બંધ !
બાંધો મોઢે મુમતી -
ને શ્વાસ બંધ !

પૂરાઈ રહો !
સામનો કર્યા વિના -
એ જ લડત !!

ચિંતન

યથાકાષ્ઠં ચ કાષ્ઠં ચ સમેયાતાં મહોદધૌ ।
સમ્ય ચ વ્યપેયાતાં તત્વત્ ભૂતસમાગમ્ : ॥

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

મહાસાગરમાં જેમ તણાતાં તણાતાં કોઈ એક લાકડું બીજા તરતા લાકડાને મળી જાય છે. ભેગા થાય છે અને થોડીવારમાં વિખૂટા પડી જાય છે તેવી જ રીતે આ સંસારમાં - જગતમાં માનવ પ્રાણીઓ પણ એક ઘર-કુટુંબ-પરિવારમાં ભેગા થાય છે અને વિખુટા પડી જાય છે.

આ સંસાર વ્યવહારમાં આપણે સૌ કર્માનુસાર - લેતી-દેતી ઋણે ચૂકતે કરવા મળ્યા છીએ. જિંદગી ખૂબ ટૂંકી-ક્ષણિક છે, યુગોની દૃષ્ટિએ ૭૦-૭૫ વર્ષ કંઇ વિશેષ નથી. એમાંય શરુઆતના વીસ-પચ્ચીસ વર્ષ અભ્યાસમાં અને છેલ્લા પાંચ વર્ષ બિમારીમાં જતા હોય છે બાકી બચેલા પાંત્રીસ-ચાલીસ વર્ષમાં આપણે સંપીને હસીને, પ્રેમથી, ધૈર્યથી રહી શકતા નથી એ પણ આપણી કમનસીબી છે. માતાપિતા વૃદ્ધાઆશ્રમમાં જાય. ભાઈઓ ભાગ માટે કોર્ટમાં જાય, પતિ-પત્નીના છૂટાછેડાના કેસ ચાલતા હોય - આ બધું માનવીની અધૂરપ છે.

સમુદ્રમાં અચાનક થોડી ક્ષણો માટે ભેગાં થયેલાં લાકડાં જેવાં આપણે થોડી ક્ષણ માટે પણ હસીને, પ્રેમથી, ત્યાગથી, સહન કરીને સાથે જીવી શકતા નથી એ પણ કેવું વિચિત્ર ?

સુવિચાર

- જે માનવી માત્ર પ્રશંસા જ ઝંખતો હોય છે તો તેણે પોતાનું સઘળું સુખ અન્યને સોંપેલું જાણવું - **ઓલિવર સ્મિથ**
- બની શકે તો ગરીબ માનવીને હાથ ફેલાવવાની શરમથી બચાવો - **ડેવિડ સર્વાન્ટીસ**
- રોગ, શાક, પરિતાપ, બંધન અને વ્યસન એ સર્વ મનુષ્યે પોતે રોપેલા અપરાધરુપી વૃક્ષના ફળ છે - **હિતોપ્રદેશ**
- જો તમે શાંતિ ઈચ્છતા હોવ તો લોકપ્રિયતાથી બચો - **લિંકન**
- અનુચિત લાભ મેળવવાની લાલસા નુકશાનની શરુઆત છે - **ડેમોક્રિટીસ**
- સંપત્તિ કરતાં સંસ્કાર ચઢિયાતા છે... કારણ કે... સંપત્તિ હોય તો વિલ બને છે અને સંસ્કાર હોય તો ગુડવિલ બને છે - **મહેન્દ્ર દલાલ**
- આજનું ઔષધ : ચાર ભાગ સાકરમાં એક ભાગ મીઠું મેળવી રાત્રે સૂતા પહેલાં ગરમ દૂધ સાથે લેવાથી શરદી-સળેખમમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક માણસે કૂતરાને કાનમાં કંઈક કહ્યું અને કૂતરાએ આપઘાત કર્યો. જંગલમાં ખળભળાટ મચી ગયો. પોસ્ટમોર્ટમમાં આવ્યું કે કૂતરાને ગાળ દેવામાં આવી હતી. સીબીઆઈ તપાસમાં બહાર આવ્યું, 'તું માણસ જેવો છે' એવી હીન કક્ષાની ગાળ દીધી હતી તેથી કૂતરાને લાગી આવ્યું. સિંહે સભા બોલાવી, કાગડાના આગેવાનોએ જણાવ્યું, 'શ્રાદ્ધ ખાવાનો સામુહિક બહિષ્કાર કરી અને માણસના પિતૃ પદેથી રાજીનામું આપવું.' ત્યાં શિયાળ બોલ્યું. 'અમે એક પણ વખત લુચ્ચાઈ કર્યાનો દાખલો નથી છતાં પાઠ્યપુસ્તકમાં 'લુચ્ચુ શિયાળ'નો પાઠ છે. જેને તાકીદે અભ્યાસક્રમમાંથી દૂર કરાવો જોઈએ.' થોડા વાંદરાઓએ સોગંદનામું સિંહના હાથમાં આપતા કહ્યું, 'અમો માણસના પૂર્વજો હોવાનો માણસનો દાવો પાયા વિહોણો અને અમોને બદનામ કરવાનો કારસો છે તેની નોંધ લેશો.' બધા પ્રાણીઓ એ પોતાના મંતવ્યો રજૂ કરવામાં જંગલમાં શોરબકોર વધી ગયો. અવ્યવસ્થા - ભાગદોડ સર્જાયા. આ ત્રાસથી સિંહે ત્રાડ પાડી કહ્યું, 'જો તમારે માણસવેડા કરવા હોય તો જવા દો... મારે જંગલને શહેર નથી બનાવવું.'

લોકડાઉન અધરો છે છતાં જરૂરી

તંત્રીસ્થાનેથી...

પ્રશ્ન સીધો જિંદગી પર ઝળૂંબી રહેલા ભયનો છે. એથી જયારે ગયા મંગળવારે વડાપ્રધાને દેશ આખાને 'લોકડાઉન' કરવાનો આદેશ બહાર પાડ્યો ત્યારે કોઈએ એનો વિરોધ નહોતો કર્યો; હા, ટીકા ટિપ્પણી જરૂર થતી રહી. રાહુલ ગાંધી જેવાએ અને બીજા ઘણા બધાએ ટીકા કરી અને માથે મોત ભમી રહ્યું હોય ત્યારે મોડું ન કરાય - એવી સૂફિયાણી સલાહ પણ આપી. અન્ય દેશોમાં જયારે હાહાકાર મચાવતું મોતનું તાંડજવ ફરી વળ્યું છે ત્યારે સરખામણીએ ભારતની સ્થિતિ ઘણી કાબૂમાં ગણાય. જો કે હજી વધુ ભયજનક તબક્કો આવી શકે છે, પરંતુ લોકડાઉનને કારણે જો ચેપની ચેઈન તૂટી જાય તો ઘણી મોટી જાનહાનિની સંભાવના અટકાવી શકાય એમ છે. કોરોના કાંડ દુનિયાના ઈતિહાસની અતિ કરુણ ઘટનાઓમાં શુમાર થઈ ચૂક્યો છે. ભારતમાં તો ગીચ વસતિ અને આરોગ્ય વિષયક બેદરકારીને કારણે ઘણી મોટી ખુવારી થવાની શક્યતા ખુદ વિશ્વ આરોગ્ય સંસ્થાએ વ્યક્ત કરી હતી. હજી બાજી આપણે જીતી ગયા નથી, પરંતુ આશા જરૂર જાગી છે કે આફતના ઓળા ધીરે ધીરે વિલાઈ જશે. છેલ્લા દિવસો દરમિયાન શરૂ થયેલ લોકલ ટ્રાંસમિશન અલબત્ત ચિંતા પ્રેરક છે. ગુજરાતમાં મોતનો આંકડો વધતો જાય છે. પાટનગર પણ પોઝીટીવ કેસોની સંખ્યામાં ઉછાળો નોંધાયો છે. કોવિડ હોસ્પિટલો તૈયાર કરવામાં સરકારે દાખવેલી ત્વરા કાબિલેદાદ છે. જયારે ન્યૂયોર્ક બેહાલ બની ગયું હોય, સ્પેનમાં રાજકુમારીને કોરોના ભરખી ગયું હોય, બ્રિટનના રાજવી પરિવારમાં એ પ્રિન્સ ચાર્લ્સને ઝપેટમાં લઈ ચૂક્યું હોય અને યુકેના વડાપ્રધાન તથા આરોગ્યમંત્રી એને કારણે ક્વૉરન્ટાઈનમાં - સેલ્ફ આઈસોલેશનમાં હોય, ઈટાલીમાં ચર્ચો મૃત્કોનાં કૉફીનોથી ઊભરાતાં હોય ત્યારે હજી આપણા કોઈ વીઆઈપીને કોરોના સ્પર્શ્યું નથી તે શું નાનીસૂની બાબત ગણાય ? આગામી ૭૨ કલાકમાં ભારત ત્રીજા તબક્કામાં પ્રવેશ્યું તો અહીં પણ લાશોના ઢગ વળી જઈ શકે છે એવી ચેતવણી ખુદ વિશ્વ આરોગ્ય સંસ્થા તરફથી અપાઈ રહી છે. ભારતની અબુધ પ્રજાએ 'લોકડાઉન'ને જેટલી ગંભીરતાથી લેવું જોઈએ એટલું લીધું નથી. ઘરમાં પુરાઈ રહેવાને બદલે લોકો વતન તરફ ભાગ્યા છે. વિમાન, ટ્રેન કે બસ સેવા સદંતર બંધ હોવાથી અન્ય રાજયો અને મોટાં શહેરોમાંથી વતન તરફ ઘસી રહેલાં માનવટોળાંથી રસ્તા ઊભરાઈ રહ્યા છે. પોલીસને નાછૂટકે કડકાઈ બદલે કયારેક તો કંટાળીને ક્રૂરતા આચરવી પડી છે. વડાપ્રધાને આગોતરી વ્યવસ્થા કર્યા વગર સીધો જ દેશને લોકડાઉન કરી દીધો હોવાના આક્ષેપોનો મારો ચાલી રહ્યો છે. 'મન કી બાત' માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ મુદ્દે દેશવાસીઓને, સવિશેષ વતન પાછા ફરી રહેલ ગરીબોને પડી રહેલી મુશ્કેલી બદલ ક્ષમાયાચના કરી છે અને 'લોકડાઉન'ની સ્થિતિ કેમ સરજાઈ તે સમજાવવાની કોશિશ કરી છે. કોરોના આફતને ગંભીરતાથી નહીં લેવામાં આવે તો આપણા દેશમાં મોટી ખાનાખરાબી થઈ શકે એમ છે - એવી ચેતવણી છતાં લોકો ઘરમાં પુરાઈ રહેવાને બદલે રસ્તા પર, શેરીઓમાં, કૉમન પ્લોટોમાં રખડે છે. આથી લોકલ ટ્રાંસમિશન વધવા માંડ્યુ છે. ગુજરાતમાં અડધોઅડધ કેસ લોકલ ટ્રાંસમિશનથી થયા છે. આશા રાખીએ કે લોકો કોરોના ડિસીઝની ગંભીરતા સમજે; મજાક મસ્તીથી વાજ આવે અને તમામ નિયમો ચુસ્ત રીતે પાળે. વૃદ્ધોના માથે જોખમ છે એટલે એમને ઘર બહાર નહીં નીકળવા દેવામાં જ શ્રેય છે. બાંકડા ઊંધા પાડી દેવાની જરૂર છે અને પોલીસે કોઈની પણ શેહશરમ વગર સૂચનાનો ભંગ કરનાર સામે પગલાં લેવાની જરૂર છે. આગામી બોત્તેર કલાક ખૂબ અગત્યના હોઈ સૌ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની ચેતવણીને બરાબર સમજી ઘરમાં જ રહે તો ટ્રાંસમિશન ત્રીજા ટબક્કામાં પ્રવેશતું અટકાવી શકાશે. દરમિયાન જયોતિષાચાર્યોની ગણતરીઓ મુજબ કોરોનાનો કેર દિનપ્રતિદિન ઘટતો જશે અને એપ્રિલની પંદરમી પછી સૂર્ય મેષ રાશિમાં પ્રવેશતા કોરોના જમીનદોસ્ત થઈ જશે એવી આગાહી સાચી પડે એવું ઈચ્છીએ.

અભિવ્યક્તિની સ્વતંત્રતા ખાતર રાજય દ્રોહ કરી શકાય નહિ

- સમાજવાદની જગ્યાએ જાતી વાદ તરફ ધકેલાઈ જઈ રહ્યો છે દેશ.....
- દેશની બીન સાંપ્રદાયીકતા પર ખતરો મંડાઈ રહ્યો છે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

સમાજવાદની જગ્યાએ જાતીવાદ તરફ ધકેલાતો દેશ સમાજમાં અરાજકતા ફેલાવે છે કોઈ એક કોમ્યુનીટી, સમાજના લોકો ટોળેવળી એકત્ર થઈ કાયદાને હાથમાં લઈ ન્યાયતંત્રના હુકમની અવગણના કરે અને સરકારને બાનમાં લઈ ગેરકયદેસર બંધારણીય વિરૂધ્ધની હકિકત સરકાર દ્વારા નાક દબાવી મોં ખોલવાના મિથ્યા પ્રયત્નો રૂપ રાજયની શાંતિ, સલામતી ડહોળી નિર્દોષ માનવીને અન્યાય થાય, શારિરીક, માનસીક તથા આર્થિક નુકશાન પહોંચાડી સરકાર પાસે ધાર્યું કરવું એ સમાજમાં અરાજકતા ફેલાવવા બરાબર છે. રાજયના જાનોમાલને નુકશાન પહોંચાવડી જાહેર સુખાધિકારને અટકાવવા પ્રયત્ન કરવો એ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૭, ૪૩૬, ૩૧૧ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એકટ મુજબ ગંભીર ગુન્હો બને છે ઘણી વખત સરકાર કોઈ એક સમાજ દ્વારા રાજયની તમામ જનતાને જાનમાલને નુકશાન પહોંચાડવા તથા સમાજમાં અરાજકતા ફેલાવવા બદલ તથા યુવાનોને ગુમરાહ કરી સરકારને તથા રાજયને નુકશાન પહોંચાડવા ધાર્યું કરવા માટેના ગુન્હા સબબ રાજય દ્રોહનો ગુન્હો લગાડી આવા યુવાનેતાઓને રાજય નિકાલ, તડીપાર, પાસા કરી અન્ય જગ્યાએ બંધક બનાવી રાખે છે જયાં સુધી રાજયની સુખ, શાંતિ, સલામતી બરકરાર ના થાય પહેલા જેવો સામાન્ય વ્યવહાર ના થાય ત્યાં સુધી કલમ ૧૮૮ તથા ૧૪૪ મુજબ જનતા કરફયુ નાંખી શકે છે તથા બે થી વધારે વ્યક્તિઓને ભેગા થવા ઉપર, સભા યોજવા ઉપર રેલી કાઢવા ઉપર તથા ઘાતક હથીયારો, આંગચંપી જેવી વસ્તુઓ સાથે રાખવા ઉપર પ્રતિબંધ લાદે છે અને જો આ પ્રકારનો ગુન્હો આચરે તો કલમ ૪૨૭, ૪૩૬, ૩૧૧ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એકટ મુજબ ધરપકડ કરી જેલમાં પુરી શકે છે તથા કોર્ટ દ્વારા આવી વ્યક્તિને રીમાન્ડ પણ મેળવી શકે છે.

તાજેતરમાં એક પછી એક સમાજ, જ્ઞાતિઓએ પોતાની માંગણી સરકાર પાસે મંજુર કરાવવા રસ્તા ઉપર ઉતરી રોડ જામ કરી ટ્રાફિકને અડચણરૂપ બની સરકારી માલમિલ્કતને તથા સામાન્ય નિર્દોષ માણસોના વાહનોને, જાનમાલને નુકશાન પહોંચાડી સરકાર ઉપર દબાણ લાવવાનો પ્રયત્નો કરી રેલી, સભાઓ યોજી નારાબાજી કરી જાનમાલને નુકશાન કરવાના મોટા પાયે પ્રયત્નો કરતા આવા યુવાનોને કાયદો તોડતા વ્યક્તિઓને જાહેરનામાનો ભંગ કરવા બદલ સરકારે ધરપકડ કરી નામદાર કોર્ટમાં રજુ કરી રીમાન્ડ મેળવવા માટે પ્રયત્ન કરી શાંતિ જાળવી રાખવાની તમામ વ્યવસ્થા સરકારે કાયદાની મર્યાદામાં રહીને નામદાર કોર્ટના હુકમનો પાલન કર્યો હતો.

વ્યક્તિને દરેક સમાજને અભિવ્યક્તિની સ્વતંત્રતા છે પરંતુ અભિવ્યક્તિની સ્વતંત્રતા, સ્વચ્છંદતામાં ફેરવી શકે નહિ અને આખા રાજયની જનતાને બાનમાં રાખી શકે નહિ સરકાર પાસે માંગણી કરી શકાય, સરકારનો વિરોધ્ધ કરી શકાય આ માટે ગાંધીચિંધ્યા માર્ગે ઉપવાસ, ધરણા, સભા યોજી આવેદનપત્રો સરકારને કે સક્ષમ અધિકારી, જીલ્લા કલેકટરશ્રી, જીલ્લા પોલીસ વડાશ્રી કે ગૃહ રાજય મંત્રીશ્રીને રજુઆત કરી શકે છે.

પોતાની માંગ માટે સામાન્ય જનતા કે દેશની સલામતીને જોખમમાં લાવી અશાંત કે અરાજકતા ઉપર મુકિ શકાય નહિ આવા સમયે સલામતી જાળવવાનું તથા કાયદાનું પાલ કરવાની જવાબદારી રાજય સરકારની રહે છે. બંધારણની કલમ ૧૯(૧)(અ) મુજબ જો કોઈ એક વ્યક્તિની અભિવ્યક્તિની સ્વતંત્રતાને સાચવવા પુરા રાજયના નિર્દોષ લોકોને નુકશાન થાય તો તેવી અભિવ્યક્તિ વાણી દ્વારા પ્રતિબીબ દ્વારા ફિલ્મ દ્વારા કરાતી હોય તો તેને રાજય સરકાર સમગ્ર જનતાના હિત માટે રાજયની સલામતી ખાતર અટકાવી શકે છે, પ્રતિબંધ મુકી શકે છે.

વ્યક્તિને પોતાની જાનમાલનું રક્ષણ કરવાનો હક્ક, અધિકાર છે તેમજ તેની સુરક્ષા પુરી પાડવા માટે બંધારણ મુજબ કાયદાનું પાલન કરવાની જવાબદારી રાજય સરકારની છે. લોકશાહીમાં ન્યાય મેળવવો એ દરેકનો સમાન હક્ક, અધિકાર છે પરંતુ ન્યાય તંત્રને બાનમાં લેવાનો કોઈ એક વ્યક્તિ કે સમાજનો હક્ક, અધિકાર કે ઈજારો નથી.

અભિવ્યક્તિના અધિકાર નીચે દેશની સલામતીને નુકશાન ના કરી શકાય વ્યક્તિ સ્વંત્રતા તથા અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારો દેશ, નાગરિક તથા સલામતીથી પર નથી તે વાત દરેક સમાજ અને નાગરિકે સમજવાની જરૂર છે. કાયદાનો સરેઆમ ભંગ કરી દેશની રાજયની સલામતી જોખમમાં મુકવાનો કોઈ પણ વ્યક્તિને બંધારણીય અધિકાર નથી.

તમારી પાસે છે બ્રહ્માસ્ત્ર નામે શસ્ત્ર એકલતા, તમે જીતી શકો છો યુદ્ધ અટલ એકાંત સાધીને

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

તમારી પાસે છે બ્રહ્માસ્ત્ર નામે શસ્ત્ર એકલતા
તમે જીતી શકો છો યુદ્ધ અટલ એકાંત સાધીને,

- ચંદ્રેશ મકવાણા

આ પૃથ્વી પર, સમગ્ર માનવજાતિ પર અને જીવના અસ્તિત્વ પર જયારે જયારે કોઈ સંકટ આવ્યું ત્યારે આપણે એકબીજાથી વધુ નજીક આવ્યા છીએ. આપણે કોઈ પણ ધર્મ-સંપ્રદાયમાં માનતા હોઈએ આવા સમયે આપણા સૌના માટે માનવધર્મથી વિશેષ બીજું કંઈ જ રહેતું નથી. નાસ્તિક હોય કે આસ્તિક સર્વે આ એક (Supreme Power) ને સ્વીકારીને પોતાને તેની આગળ સાવ વાણમા મહેસૂસ કરે છે. પણ હા, હિંમત હાર્યા વિના સાથે મળીને આપણે આ પ્રકારની મહામારી સામે યુદ્ધે ચડીએ ત્યારે પેલા (Supreme Power) ને પણ આપણી સામે ઝૂકવું પડે છે. આ સમય જાતની અંદર ઈશ્વરને મહેસૂસ કરવાનો સમય છે.

આપણે ઘણા લોકોને એવું કહેતા સાંભળ્યા છે કે કોઈ નવી બાબત કે નવી ટેવ જીવનમાં ઉમેરવા માટે ઓછામાં ઓછા ૨૧ દિવસ સુધી તેનું ચુસ્તપણે પાલન કરવું જરૂરી છે. યોગાનુયોગ આપણી પાસે આજે એવો સમય કુદરતે આપણને મહામારીના ભયની Byproduct તરીકે ભેટમાં આવ્યો છે. ત્યારે પરિવારની સાથે જે કંઈ પણ કરવાની ઈચ્છા હતી પણ સમયના અભાવે રહી ગયેલી તેને હવે સાર્થક કરવાનો સમય મળી ગયો છે! કોઈ કુટેવ છોડવા માટેનો અને કોઈ સારી ટેવ અપનાવવા માટેનો આનાથી વધુ શ્રેષ્ઠ સમય બીજો હોઈ શકે જ નહિં.

આપણે સૌ એટલું વ્યસ્ત જીવન જીવી રહ્યા છીએ કે કયારેક પોતાની અંગત વ્યક્તિ સાથે કે પોતાની જાત સાથે સંવાદ સાધવાનું રહી જ જતું હોય છે. અને આપણને ઈચ્છા થતી હોય છે. તો આ સમય ઘરે બેઠા પરિવાર સાથે વિપશ્યના કરી શકવાની એક અણધારી તક લઈને આવ્યો છે. ૨૪ કલાક મૌન, ધ્યાન અને એકાંતવાસ નહિ પરંતુ દિવસના અમુક કલાકોથી આપણે આ વિપશ્યના માટે માનસિક રીતે તૈયાર થઈ શકીએ. અત્યારે કયાંક જવાની ઉતાવળ નથી, કોઈ કામની ભાગદોડ નથી ત્યારે મનના ખૂણે વર્ષોથી જામી ગયેલી જૂની યાદો, જૂના જખ્મો અને દર્દોને જડમૂળથી દૂર કરવાનો સમય અનાયાસે જ સાંપડ્યો છે તો તેનો શા માટે ઉપયોગ ન કરવો?

કોરોનાના કારણે આપણને મળેલા આ ૨૧ દિવસને આપણે આપણી જિંદગીના Best ૨૧ દિવસ કઈ રીતે બનાવી શકીએ એ આપણે નક્કી કરવાનું છે ! જિંદગી એ મનગમતા અને જરૂરી કામોનો સરવાળો છે પણ મોટાભાગે જરૂરી કામો કરવામાં મનગમતા કામ રહી જ જતા હોય છે ત્યારે આજે મનગમતા કામોને પ્રાધાન્ય આપી જિંદગીને ફરી સુંદર અને રંગીન બનાવી લઈએ ! આપણા માટે Life માં સૌથી વધુ Important એટલે કે મહત્ત્વના છે તેવા પરિવારના સભ્યો સાથે ઘરે બેઠા મળેલા આ વેકેશનને મનભરીને જીવી લઈએ તો આપણે ભલભલા રોગ અને આવનારી મુસીબતો સામે લડવા સક્ષમ બની શકીશું.

આપણી આ વૈશ્વિક લડાઈમાં કોરોનાને હરાવવા માટે બીજું કંઈ નહિં પરંતુ માત્ર ઘરમાં રહીને અને એક Supreme Power એટલે કે કુદરતને વિનંતી કરીએ કે સૌ કોઈને આ સંકટમાંથી બચાવી લે; ઉગારી લે. વિશ્વભરમાં આજે જે દુઃખ, વિષાદ અને અજંપો વ્યાપેલો છે, તેની શાંતિ માટે આપણે બને તેટલી પ્રાર્થના કરીએ, સકારાત્મક ઊર્જાને પ્રસરાવીએ ! આખા વિશ્વમાં આપણા આ Positive vibes (સકારાત્મક કિરણોનો) ફેલાવો કરીએ.

Last Seen :

વર્ષો પછી પગલાં સૂની રેતી જોઈ દરિયાના
મોજાઓએ એકાંતની મોજ માણી
વર્ષો પછી પંખીઓએ સૂના આકાશમાં ઊંચી
ઉડાન ભરી આકાશની પ્રાર્થના કરી
વર્ષો પછી સાવ સુમસાન રસ્તા ઉપર
હેમખેમ ઊભેલા વૃક્ષોએ ફાગણના ગીતોની
અંતાક્ષરી રમી
વર્ષો પછી પરીક્ષાની મોસમમાં મામાના ઘર
જેવું વેકેશન બાળકોને ભેટી પડ્યું
વર્ષો પછી ઘરે બેસી કામ કરતા પપ્પાને
દીકરીને ગુલાબી રંગ ગમે છે એની ખબર
પડી
વર્ષો પછી મંદિરમાં રહેલા ભગવાને
આરામથી બગાસું ખાધું
વર્ષો પછી વર્ષોના વર્ષોમાં ન બન્યું હોય એવું
બન્યું
વર્ષોના વર્ષો પહેલા કોઈએ કહેલ્
'પરિત્રાણાય સાધુનાં'

- મુકેશ જોષી

- nehalgadhavi101@gmail.com

વિશ્વને માથે કોરોના સંકટનો આતંક અને અનિશ્ચિતતાના દિવસો

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

દેશ અને દુનિયાને માથે કોરોના વાયરસનું મહાસંકટ હજુ ઝળુંબી રહ્યું છે અને આવતીકાલે શું થશે એની અનિશ્ચિતતાની વચ્ચે આ સમય કોઈની ઉપર દોષારોપણ કરવાનો નથી. વૈશ્વિક સ્તરે અમેરિકા અને ચીન વચ્ચે એકમેક પર આરોપ-પ્રત્યારોપનો દોર ચાલ્યો, પણ બધા જ આ સંકટના ભોગ છે એટલે આવી આક્ષેપબાજી નિરર્થક છે. સદનસીબે ભારતમાં સત્તાપક્ષ અને વિપક્ષ સાથે મળીને રાષ્ટ્ર જ નહીં, સમગ્ર વિશ્વ સામે મોત બનીને આવેલા આ મહાસંકટના પ્રતિકાર માટે સંગઠિત પ્રયાસો આદરવામાં સામેલ છે. સંકટ લાંબુ ચાલશે એવાં એંધાણ છે ત્યારે એના સામના માટે સરકારી તંત્ર અને સ્વયંસેવી સંસ્થાઓ કામે વળી છે. માનવતાને મ્હોરાવવાનો આ સમય છે. ઝાઝું માનવધન ગુમાવવું ના પડે એ માટેના પુરુષાર્થનો આ સમયગાળો છે. એવું નથી કે આવાં મહાસંકટ અગાઉ આવ્યાં નથી, પણ કોરોનાનો પ્રકોપ તો સંભવતઃ પહેલીવાર ત્રાટક્યો છે. દુનિયાભરમાં એ મોત બનીને પ્રસરી રહ્યો છે ત્યારે સમાજનાં વિવિધ ક્ષેત્રો પર એની કેવી અસર પડશે અને શું કરી શકાય એની ચોફેર ચર્ચા છે. આજે વાત શિક્ષણ ક્ષેત્રની જ કરવાની છે. વિશ્વ આરોગ્ય સંગઠન (ડબલ્યૂએચઓ)ના વડા ટ્રેડોસ અધાનોમે જે માર્ગદર્શિકા રજૂ કરી એમાં પોતાની દીકરી ઘરે રહીને જ ઓનલાઈન લેસન લઈને ભણી રહ્યાની વાત કરી. અમે પણ શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા હોવાથી વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની પરીક્ષાઓ ટાણે જ કોરોનાનું વાવાઝોડું ત્રાટક્યાથી કેવી અનુભૂતિ કરતાં હશે એનો સાહજિક અભ્યાસ કરતા રહ્યા છીએ. પરીક્ષાઓની મોકૂફીની જાહેરાત તો સત્તાવાળાઓએ કરી પરંતુ પરીક્ષા ક્યારે લેવાશે, લેવાશે કે નહીં જ લેવાય, નવું સત્ર ક્યારે શરૂ થશે, ભૂતકાળમાં આવાં સંકટ આવતાં પરીક્ષા લીધા વિના જ માસ પ્રમોશનથી વિદ્યાર્થીઓને ઉપલા વર્ગમાં ચડાવી દેવાયાં હતાં એવું કરાશે કે કેમ એની પૃચ્છા વચ્ચે ઓનલાઈન પાઠમાં પણ એમનું ધ્યાન ચોંટે એવું નથી. ભૂતકાળમાં આવી જીવલેણ મહામારીને બદલે રમખાણો કે આંદોલનો અને કરફ્યુને કારણે વિદ્યાર્થીઓના માનસમાં અનિશ્ચિતતા હતી. આ વખતે તો કોરોના વાઈરસ એમને કે એમનાં પરિવારજનોને આભડી જઈને ભરડામાં તો નહીં લે ને એની ભીતિ સવિશેષ છે.જ્યાં બ્રિટનના રાજકુમાર ચાર્લ્સ અને વડાપ્રધાન બોરિસ જહોન્સન તથા કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડેઉના ઘર સુધી કોરોના આભડી જાય, ઈટાલી અને અમેરિકા જેવા અત્યાધુનિક આરોગ્ય સેવાઓ ધરાવતા દેશોમાં મોટી સંખ્યામાં માનવભોગ લેવાય ત્યારે દેશો જનતા કરફ્યુ કે લૉકડાઉન હેઠળ દેશવાસીઓને ઘરમાં પૂરી રાખીને કોરોનાના ભરડામાં ઓછા લોકો આવે એની વેતરણ કરે છે. શિક્ષણ સંસ્થાઓ બંધ કરાયા પછી અને પરીક્ષાઓ મોકૂફ રહ્યા પછી પણ આવતા ત્રણ મહિનામાં આ પ્રકોપ સમેટાશે કે કેમ એ વિશે ભાગ્યે જ કોઈ કહી શકવાની સ્થિતિમાં છે.

- **વિદ્યાર્થીમાનસમાં અનિશ્ચિતતાની સાથે કોરોના વાઇરસ પરિવારજનોને આભડી જવાની ભીતિ સવિશેષ**
- **ધોરણ-૧થી ૯ અને ધોરણ-૧૧નાં વિદ્યાર્થીઓની પરીક્ષા લીધા વિના જ માસ પ્રમોશનનો નિર્ણય લેવાયો**
- **૧૯૭૪માં ૨૦ સભ્યોની રચાયેલી સમિતિમાં અધ્યાપક મંડળના ત્રણ હોદ્દેદારો જ માસ પ્રમોશનની વિરુદ્ધ**
- **અભાવિપના પ્રદેશ સંગઠનમંત્રી એડવોકેટ અરુણ ઓઝાનો પાંચ દાયકાથી કાયમ માસ પ્રમોશનનો વિરોધ**

શાળાઓમાં માસ પ્રમોશન જાહેર

કોરોનાના પ્રકોપની અસર વિસ્તરે નહીં એટલા સારુ ગુજરાત સરકારે પહેલા તબક્કામાં તો શિક્ષણ સંસ્થાઓ બંધ કરી દેવાના આદેશ આપ્યા. શાળાઓમાં પરીક્ષાઓ રદ કરવાની જાહેરાત કરી. બોર્ડ અને કેન્દ્રીય પરીક્ષાઓ પણ મોકૂફ રખાયાની જાહેરાત કરી દેવાઈ.કાર્યક્રમો અને સમારંભો રદ કરીને શાળા-કોલેજો અને યુનિવર્સિટીઓના શિક્ષકો અને કર્મચારીઓને ઘરેથી કામ કરવાના આદેશ આપ્યા. ૨૩ માર્ચ સુધીમાં તો ૩૧ માર્ચ સુધી બધાને ઘેરથી કામ કરવાનું જણાવાયું. ૨૪ માર્ચે મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં ધોરણ-૧થી ૯ અને ધોરણ-૧૧નાં વિદ્યાર્થીઓને પરીક્ષા લીધા વિના જ ઉપલા વર્ગમાં ચડાવવાનો એટલે કે માસ પ્રમોશનનો નિર્ણય જાહેર કરાયો.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એકથી વધુ વાર ટીવી પર આવીને પ્રજાજોગ સંદેશ આપ્યો અને સંકટની ઘડીમાં સાથ આપવાની અને નહીં ગભરાવાની અપીલ કરી. જોકે આ સઘળો સમય સંતાપનો રહે એ સ્વાભાવિક છે. ધંધા-રોજગાર કરતાં સૌને જીવ વહાલો હોય એ સમજી શકાય. રોજ કમાઈને રોજ ખાનારાઓની સ્થિતિ તો દયનીય થવી સ્વાભાવિક છે. પહેલાં ૩૧ માર્ચ સુધી ઘરમાં રહેવાની સલાહ અપાઈ અને પછી આ મુદત ૧૪ એપ્રિલ સુધી લંબાવાઈ. કોઈને સ્પર્શ કરો અને રોગ લાગુ પડે એવા સંજોગોમાં આ ઘરકેદ અસહ્ય થઈ પડવી સ્વાભાવિક છે. રાજયભરમાં શિક્ષણ કાર્ય થંભી ગયું.અનિશ્ચિતતાના વાતાવરણમાં શાળાઓમાં તો માસ પ્રમોશન જાહેર થયાં, પણ કોલેજો અને યુનિવર્સિટીમાં માસ પ્રમોશન વિશે આ લખાય છે ત્યાં સુધી નિર્ણય થયાનું જાણમાં નથી. છેલ્લા વર્ષમાં હોય એ વિદ્યાર્થીઓની પરીક્ષાઓ થવી જોઈએ, પણ કૉલેજના પ્રથમ અને દ્વિતીય વર્ષમાં હોય એ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અપાય એ માટે આચાર્ય મંડળ અને વિદ્યાર્થી સંગઠનોએ રજૂઆત પણ કરી દીધી હતી.સ્નાતક અને અનુસ્નાતકના છેલ્લા વર્ષની કે એચએસસીની પરીક્ષા વહેલીમોડી થાય એ બરાબર, પણ આમ પણ સેમેસ્ટર પરીક્ષાઓમાં અમુક વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીઓને પણ ઉપલા વર્ગમાં ચડાવવાના હોય છે ત્યાં સત્તાવાળાઓએ તાકીદે નિર્ણય કરવાનું ટાળીને વિદ્યાર્થીઓનો સંતાપ વધાર્યો છે. આમ પણ, ગુજરાત જ નહીં, સમગ્ર દેશમાં શિક્ષણ છેલ્લી પ્રાથમિકતા હોવાનું કાયમ જળવાયું છે એટલે આવા પ્રકોપના સંજોગોમાં પણ એવું જ ચિત્ર ઉપસે છે.

નવનિર્માણ વખતે માસ પ્રમોશન

ગુજરાતમાં શિક્ષણ અંગે કાયમ અખતરા થતા રહ્યા છે. યુવાધનના સમગ્રલક્ષી વિકાસની દિશામાં વાતો ખૂબ થતી રહી છે પણ માત્ર વર્ષને અંતે કે સત્રને અંતે બે કે ત્રણ કલાકની પરીક્ષા